કં

# પી સી જ્વેલર્સનો નફો 27.42 ટકા ઊછળીને ₹136 કરોડ

**નવી દિલ્હી:** પી સી જ્વેલર્સે મંગળવારે જૂન ૨૦૧૭માં સમાપ્ત ક્વાર્ટર માટે ૨૭.૪૨ ટકાના જંગી વધારા સાથે ₹૧૩૫.૮૩ કરોડનો સ્વતંત્ર ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૧૦૬.૫૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઇ ફાઇલિંગમાં જણાવ્યું હતું. કંપનીની આવક ૨૭.૭૯ ટકા ઊછળીને ₹૨,૧૪૦.૦૩ કરોડ નોંધાઈ હતી, જે આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૧,૬૭૪.૬૦ કરોડ નોંધાઈ હતી. જોકે કંપનીનો ખર્ચ વધીને ₹૧,૯૪૯.૮૯ કરોડ હતો જે આગલા વર્ષના સમાન ગાળા માટે ₹૧,૫૨૭.૪૨ કરોડ હતો. મંગળવારે બીએસઇ પર કંપનીનો શેર ૧.૪૩ ટકા ઘટીને ₹૨૫૧.૫૫ બંધ નોંધાયો હતો.

# DCM શ્રીરામનો ચોખ્ખો નફો 40 ટકા વધીને ₹233 કરોડ

**નવી દિલ્હી:** ડીસીએમ શ્રીરામે મંગળવારે જૂન ૨૦૧૭માં પૂરા ક્વાર્ટર માટે ૩૯.૬૫ ટકાના જંગી વધારા સાથે ₹૨૩૩.૪૭ કરોડનો સંગઠિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૧૬૭.૧૮ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઇ ફાઇલિંગમાં જણાવ્યું હતું. કંપનીની આવક ૩૫.૪૧ ટકા ઊછળીને ₹૨,૦૬૫.૦૩ કરોડ નોંધાઈ હતી, જે આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૧,૫૨૪.૯૬ કરોડ નોંધાઈ હતી. મંગળવારે બીએસઇ પર કંપનીનો શેર ૫.૫૫ ટકા ઊછળીને છેલ્લે ₹૩૮૮.૭૫ બંધ નોંધાયો હતો.

# પિરામલ એન્ટરપ્રાઇઝિસનો નફો 43 ટકા ઊછળીને ₹247 કરોડ

**નવી દિલ્હી:** પિરામલ એન્ટરપ્રાઇઝિસે જૂન ૨૦૧૭માં પૂરા થયેલા ક્વાર્ટર માટે ૪૩.૦૯ ટકાના જંગી વધારા સાથે ₹૨૪૭.૪૬ કરોડનો સંગઠિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૧૭૨.૯૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઇ ફાઇલિંગમાં જણાવ્યું હતું. કંપનીની આવક ૨૭.૮૧ ટકા ઊછળીને ₹૨,૩૩૭.૯૧ કરોડ નોંધાઈ હતી, જે આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૧,૮૨૯.૨૩ કરોડ નોંધાઈ હતી. મંગળવારે બીએસઇ પર કંપનીનો શેર ૦.૩૨ ટકા સુધરીને છેલ્લે ₹૨૯૫૮.૭૫ બંધ નોંધાયો હતો.

# મેરિકોનો ચોખ્ખો નફો 12 ટકા ઘટીને ₹236 કરોડ નોંધાયો

**નવી દિલ્હી:** અગ્રણી એફએમસીજી કંપની મેરિકોએ જૂન ૨૦૧૭માં પૂરા થયેલા ક્વાર્ટર માટે ૧૧.૯૨ ટકાના ઘટાડા સાથે ₹૨૩૫.૯ કરોડનો સંગઠિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપનીએ આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૨૬૭.૯૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો તેમ કંપનીએ બીએસઇ ફાઇલિંગમાં જણાવ્યું હતું. કંપનીની કુલ આવક ૩.૭૩ ટકા ઘટીને ₹૧,૭૧૫.૨૮ કરોડ નોંધાઈ હતી, જે આગલા નાણાકીય વર્ષના સમાન ગાળા માટે ₹૧,૭૮૧.૭૮ કરોડ હતી. જોકે, કંપનીનો ખર્ચ ૯.૭૭ ટકા ઘટીને ₹૧,૩૯૨.૬૯ કરોડ નોંધાયો હતો કે જે આગલા વર્ષના સમાન ગાળા માટે ₹૧,૪૦૬.૪૪ કરોડ હતો. મંગળવારે બીએસઇ પર કંપનીનો શેર ૨.૫૦ ટકા ઘટીને છેલ્લે ₹૩૨૫.૨૦ બંધ નોંધાયો હતો.

# દાર્જિલિંગની ચ...
# 100% સુધીનો ઉ...

## ગોરખાલેન્ડના આંદોલનના કારણે

સુતનુકા ઘોસાલ
કોલકાતા



જુલાઈ મહિનામાં દાર્જિલિંગની ચાની કિંમતમાં ૫૦ ટકાથી લઈને ૧૦૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો કેમ કે ઓક્શનમાં પ્રીમિયમ ગુણવત્તાની ચા અદૃશ્ય થઈ ગઈ છે. ગોરખા જનમુક્તિ મોરચા દ્વારા પહાડોમાં ૪૫ દિવસ સુધી જે આંદોલન ચાલ્યું હતું તેના કારણે દાર્જિલિંગ ચાનું ઉત્પાદન અટકી ગયું હતું કે જેની મોટા ભાગે વિદેશમાં નિકાસ થાય છે.

બીજી તરફ આસામ તથા દુઅર્સ ચાની કિંમતમાં ત્રણ ટકા સુધીનો વધારો નોંધાયો હતો, જોકે ૨૦૧૭ના પ્રથમ છ મહિનામાં આગલા વર્ષના સમાન ગાળાની સરખામણીએ તેના સમગ્રતયા ઉત્પાદનમાં ૪... નોંધાયો હતો. ગ્રાહકો ઊંચી ... હોવા છતાં દાર્જિલિંગ ચાના ... જ નથી. ઇટી સાથે વાત કરતા ... એસોસિયેશનના ચેરમેન ...


**સદ્‌ભાવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લિમિટેડ**
Sadbhav
CIN : L45202GJ2007PLC049808
રજિસ્ટર્ડ ઓફિસ : "સદ્‌ભાવ હાઉસ", લૉ ગાર્ડન પોલીસ ચોકી સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ટેલિ. નં. : +૯૧ ૭૯ ૨૬૪૬૩૩૮૪, ફેક્સ : ૭૯ ૨૬૪૦૦૨૧૦
ઈ મેઈલ : investor@sadbhavinfra.co.in વેબસાઈટ : www.sadbhavinfra.co.in

**નોટિસ**

આ સાથે નોટિસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯ અને ૪૭ને આધિન રહી કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટીંગ ગુરુવાર, તારીખ ૧૦ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ કોર્પોરેટ ઓફિસ મુકામે યોજાશે. જેમાં તારીખ ૩૦ જૂન, ૨૦૧૭ના રોજ પૂર્ણ થતાં ત્રિમાસિક સમય માટેના કંપનીના અનઓડિટેડ ફાયનાન્સિઅલ પરિણામો ધ્યાનમાં લેવા અને મંજુર કરવામાં આવશે.

વધુ વિગતો કંપનીની વેબસાઈટ www.sadbhavinfra.co.in અને બીએસઈ અને એનએસઈની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર ઉપલબ્ધ છે.

વતી, સદ્‌ભાવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લિમિટેડ
સહી/-
તારીખ : ૩૧/૦૭/૨૦૧૭ — હાર્દિક મોદી
સ્થળ : અમદાવાદ — કંપની સેક્રેટરી



**AIA ENGINEERING LIMITED**
CIN-L29259GJ1991PLC015182
Regd. Off.: 115, G.V.M.M. Estate, Odhav Road, Odhav, Ahmedabad 382 410
Website: www.aiaengineering.com; E-mail: ric@aiaengineering.com
Ph.079-22901078, Fax-079-22901077

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 that a Meeting of the Board of Directors of the Company will be held on Monday, the 14th August 2017 in Ahmedabad, inter alia, to consider, approve and take on record the Unaudited Financial Results of the Company for the Quarter ended 30th June, 2017.

This intimation is also available at the website of the Company www.aiaengineering.com and also on the websites of Stock Exchanges, www.bseindia.com and www.nseindia.com.

By order of the Board of Directors
For AIA Engineering Limited,
Sd/-

